**જામકંડોરણાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (આકાશ પ્રમોદ વર્મા) સાહેબની કોર્ટમાં,**
**મુ.જામકંડોરણા, જી. રાજકોટ.**

**ફોજદારી કેસ નંઃ ૧૮૮/૨૦૨૫**

**આંક : ૩૩**

શ્રી સરકાર

(જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૧૨૧૩૦૨૦૨૫૦૧૧૪/૨૦૨૫)

.....ફરિયાદી

વિરૂધ્ધ

(૧) યશપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા,

ઉ.વ. ૩૧, રહે. મચ્છરનગર, શેરી નં. ૪, ગંગેશ્વર મહાદેવ મંદિર પાસે, જામનગર.

(૨) રમેશ ઉર્ફે ચકો ઇશ્વરભાઇ ડાંગી,

ઉ.વ. ૨૪, રહે. રાજપરા, ધાર વાડી તરીકે ઓળખાતી સીમ, જીતેન્દ્રસિંહ ભગવતસિંહ પઢીયારની વાડીએ, તા. જામકંડોરણા, જી. રાજકોટ.

મૂળ રહે. જરોર, માલ ફળીયું, તા. સંજેલી, પોસ્ટ મોલી, જી. દાહોદ.

(૩) અરજણ આલાભાઇ કોડીયાતર,

ઉ.વ. ૨૪, રહે. રાણપર ગામ, વાડી વિસ્તાર, તા. ભાણવડ, જી. દેવભુમિ ધ્વારકા.

(૪) જીતેન્દ્રસિંહ ભગવતસિંહ પઢીયાર,

ઉ.વ. ૩૫, રહે. રાજપરા ચોરા પાસે, તા. જામકંડોરણા, જી. રાજકોટ.

(૫) પ્રતિપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા,

ઉ.વ. ૨૯, રહે. મચ્છરનગર, શેરી નં. ૪, ગંગેશ્વર મહાદેવ મંદિર પાસે, જામનગર.

(૬) તખુભા રૂપસંગજી રાઠોડ,

ઉ.વ. ૭૫, રહે. મચ્છરનગર,આશાપુરા મંદિર સામે, રૂમ નં. ૧૭૬, જામનગર.

(૭) દિવ્યેશ ઉર્ફે મોટો દિવલો મનસુખભાઇ ચૌહાણ,

ઉ.વ. ૨૮, રહે. શંકર ટેકરી, સિધ્ધાર્થ કોલોની, શેરી નં. ૦૩, મકાન નં. ૭૨, જામનગર.

(૮) ધાના આલાભાઇ કોડીયાતર,

ઉ.વ. ૨૯, રહે. રાણપર ગામ, વાડી વિસ્તાર, ભઠ્ઠીની ગોલાઇથી ઉપર, તા. ભાણવડ, જી. દેવભુમિ ધ્વારકા.

.....આરોપીઓ

**ગુન્હો:** ધી ગુજરાત પ્રોહિબિશન એકટ કલમ ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબ.

**:: કમીટલ હુકમ ::**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ઈંગ્લીશ દારૂના કવરીંગ માટે ખોળની ગુણી નંગ–૨૩૦, કિં.રૂ. ૨,૩૦,૦૦૦/– ઉપર તથા પાછળની સાઈડમાં કવરીંગમાં રાખી, ટ્રકમાં ગેરકાનુની ભારતીય બનાવટની પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની બોટલ નંગ–૭૦૧૬, કિં. રૂ. ૪૪,૧૯,૩૧૨/– તથા મોબાઈલ ફોન નંગ–૦૫, કિં.રૂ. ૩૫,૫૦૦/– તથા ટાટા કંપનીનો ટ્રક રજી. નં.GJ-25-T-7317 કિં.રૂ. ૨૦,૦૦,૦૦૦/– તથા ટોયોટો કંપનીની કાર રજીસ્ટ્રેશન નં. GJ-01-KP-0185, કિં.રૂ. ૨,૦૦,૦૦૦/– તથા અંગઝડતી માંથી નીકળેલ રોકડ રકમ રૂ. ૧૪૫૦/– તથા ટ્રકમાંથી મળી આવેલ ટ્રકના રજીસ્ટ્રેશનના કાગળોની નકલો મળી કુલ કિંમત રૂ. ૬૮,૮૬,૨૬૨/– (અડસઠ લાખ છયાંસી હજાર, બસ્સો બાસઠ પૂરા) નો મુદ્દામાલ પકડાયેલ. તમામ આરોપીઓએ ભેગા મળી ગુજરાત રાજયમાં દારૂબંધી હોવાનુ જાણવા છતા, સંદેશા વ્યવહારના માધ્યમથી કે અન્ય કોઈ પણ રીતે એકબીજા સાથે સંપર્ક કરી, ગેરકાયદેસર રીતે બહારના રાજય માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ગુજરાત રાજયમાં ઘુસાડવાનું કાવત્રુ કરી, પોતાની ગેરકાનુની પ્રવૃતી સતત ચાલુ રાખી ગેરકાયદેસર રીતે બહારના રાજય માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ગુજરાત રાજયમાં ઘુસાડી, વિદેશી દારૂનું મોટાપાયે નેટવર્ક ધરાવી, તમામ આરોપીઓ ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરેલી. આ બનાવ અંગે મૂળ ફરિયાદીએ ફરિયાદ આપેલી.

**૨.** આ કામના ફરિયાદીની ફરિયાદ આધારે જામકંડોરણા પોલીસ સ્ટેશન પાર્ટ સી, ગુના રજી. નં. ૧૧૨૧૩૦૨૦૨૫૦૧૧૪/૨૦૨૫ થી રજીસ્ટરે દાખલ થયેલ છે અને તપાસ કરનાર અધિકારીએ સદરહુ ગુન્હાની તપાસ કરી, તપાસ પૂર્ણ થયા બાદ આરોપીઓ વિરૂદ્ધ ધી ગુજરાત પ્રોહિબિશન એકટ કલમ ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨),૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબ ના ગુન્હા સબબનું ચાર્જશીટ આ અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

3. આ કામના આરોપીઓને સદર કેસના કામે મુદતે હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામા આવેલ અને સદર આરોપીઓનું આંક–૨૨ થી આંક–૨૯ સુધી નિવેદન લેતા તેઓએ તેમની સામેનો કેસ પોતાના ખર્ચે વકીલ રોકી લડવા માંગતા હોવાનુ જણાવેલ છે. પરંતુ સદર કેસ ધી ગુજરાત પ્રોહિબિશન એકટ કલમ ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨),૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) અન્વયે કેસ ચલાવવા માટે સત્તા અત્રેની કોર્ટને ન હોઈ, આ સંજોગોમા સદર કેસ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૯ કે જે હવેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૩૨ છે તે મુજબ નામદાર એડીશનલ સેશન્સ કોર્ટ,ધોરાજી ને કમીટ કરવો જરૂરી બની રહે છે.

## :: હુકમ ::

૧. સદર કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૩૨ અન્વયે નામદાર એડીશનલ સેશન્સ કોર્ટ, ધોરાજી ને કમીટ કરવામા આવે છે.

૨. આ કેસનુ તમામ રેકર્ડ એડીશનલ સેશન્સ કોર્ટ, ધોરાજી ને મોકલી આપવુ.

૩. સદરહુ કેસ કમીટ કર્યા અંગેની જાણ સરકારી વકીલશ્રીને કરવી

**હુકમ આજરોજ તારીખ–૧૬ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ– જામકંડોરણા.
તારીખ–૧૬–૦૩–૨૦૨૬

Sd/-
**આકાશ પ્રમોદ વર્મા**
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, જામકંડોરણા.
જજ કોડ જી.જે ૦૧૭૦૭